PGVCL
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/કવા–૦૨/૧૮–૧૯/ 8291-11 તા. 01 SEP 2018

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દશરથભાઈ જેન્તીભાઈ વાળા,
– ઉપાસના હોટલ–
હરસિધ્ધી બીલ્ડીગ, કોટક શેરી નં.–૭,
રાજકોટ,
પીનકોડ–૩૬૦૦૦૧
મો: ૭૭૭૯૦૦૯૯૭૭

વિષય :–કનેકશનો મર્જ કરવા – વીજકર બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૮/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

K2 E check.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પ્રહલાદ પ્લોટ પેટા વીભાગીય કચેરી,રાજકોટ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૨૮/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીગઃ તા. ૨૧–૦૮–૧૮ | સ્થળ : રાજકોટ |

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામઃ દશરથભાઈ જેન્તીભાઈ વાળા, ગામઃ રાજકોટ

રજુઆત કરનારઃ અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તરીકે સાગરભાઈ મેર હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પ્રહલાદ પ્લોટ પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ)

રજુઆત કરનાર : – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : કનેકશનો મર્જ કરવા – વીજકર બાબત

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ સબંઘક પેટા વિભાગીય કચેરી માં – માહે મે–૨૦૧૬ વીજકર ઘટાડવા તેમજ વીજજોડાણ મર્જ કરવા માટે – અરજી આપેલ હતી. પરંતુ – સદર બાબતે કોઈ કાર્યવાહી કરાયેલ ન હોવાથી – યોગ્ય કાર્યવાહી થવા બાબતે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી દ્વારા વીજ કર માફ કરવા તેમજ અલગ અલગ કુલ ૧૧ વીજ જોડાણ મર્જ કરી આપવા જણાવેલ છે જે બાબતે નીચે મુજબની બાબત ધ્યાને લેવા વિનતી. અરજદાર દ્વારા અરજીમા જણાવેલ છે કે તેઓ દ્વારા અત્રેની કચેરી ને મે-૨૦૧૬ માં અરજી કરવામાં આવેલ હતી જે બાબતે જણાવવાનું કે અત્રેની કચેરી નુ તે સમય નું ઇન વર્ડ રજીસ્ટર ચેક કરતા આવી કોઇજ અરજી ગ્રાહક દ્વારા કરવામાં આવેલ હોય તેવું જણાયેલ નથી. તેમજ ગ્રાહક દ્વારા અત્રેની કચેરી મા કરેલ અરજીની સાથે સાથે તા ૦૧.૦૮.૧૮ ના રોજ અમોને અરજી કરવામાં આવેલ છે તે અરજી માં અરજી કરનારનું નામ પણ દર્શાવેલ નથી તેમજ અરજી માં સહી પણ કરવામાં આવેલ નથી.<br><br>ઉપરોક્ત બાબતે – વિદ્યુત શુલ્ક સમાહર્તા ગાંધીનગર તરફથી આપવામાં આવેલ પરિપત્ર નં ૧૫૭૨૯-૩૮ તા ૦૭.૦૫.૧૮ મુજબ ગ્રાહક તરફથી તેઓ દ્વારા કરવામાં આવેલ તા ૦૧.૦૮.૧૮ ની અરજી પ્રમાણે વિદ્યુત શુલ્ક ટેરીફ માં ફેરફાર આપી શકાય. |

**મુદદા નં.–૩ :** : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા અરજી મા જણાવ્યા મુજબ – સદર બાબતે અગાઉ રજુઆત કરેલ હોય – તે મુજબ ના આધાર–પુરાવા અરજદાર કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. આમ, અરજદાર અને પીજીવીસીએલ પક્ષકાર વચ્ચે અગાઉ થી તકરાર હોય તેમ જણાતુ નથી. જેથી અરજદારે પેટા વિભાગીય કચેરી મા કરેલ અરજી તા.૦૧–૦૮–૧૮ મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન જરૂરી કાર્યવાહી કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ